# સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર, નિયામક, ગુજરાત રાજય

સેક્ટર-૧૪, ખ-૫ સર્કલ પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૬

---

(જાહેરાત ક્રમાંક: SCNDLR/201718/1)

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક કચેરી ખાતે કાયદા અધિકારી (વર્ગ-૨ સમકક્ષ) ની ૦૧ જગ્યા માટે ૧૧ માસના કરાર આધારીતથી ભરવા, ઇચ્છુક ઉમેદવારો પાસે વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૧૫ દિવસમાં નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | વય મર્યાદા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા અધિકારી | ૧ | ૩૫ થી ૪૫ વર્ષ | રૂ.૨૦૦૦૦/-માસિક એકત્રિત રકમ | (૧)માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી.<br>(૨)વકિલાતની કામગીરીનો લઘુતમ-૭ વર્ષનો અનુભવ |

અરજી પત્રકનો નમુનો તથા કરારની શરતો અને બોલીઓ સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરની વેબ સાઇટ “www.landrecords.gujarat.gov.in” ઉપરથી ડાઉન લોડ કરવાની રહેશે. તથા તેમા શરતો તથા બોલીઓ દર્શાવ્યા મુજબની અરજી બંધ કવરમાં સ્પીડપોસ્ટથી મોકલવાની રહેશે અને બંધ કવર ઉપર કાયદા અધિકારી માટેની અરજી તેમ ઉલ્લેખ કરવાનો રહેશે. અધુરી વિગતો વાળી તેમજ નિયત તારીખ બાદ મળેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/- (નલીન ઠાકર)

તા.૨૮/૦૨/૨૦૧૭

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક,<br>ગુજરાત રાજય, ગાંધીનગર

# અરજી પત્રક

| ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ (સહી સાથે) |
|---|

પ્રતિ,
સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક,
ગુજરાત રાજય, સેકટર-૧૪, ખ-૫, સર્કલ પાસે,
ગાંધીનગર.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | અરજદારનુ પુરૂ નામ | | | | |
| | | | અટક | નામ | પિતા/પતિનું નામ |
| (૨) | પત્ર વ્યવહારનુ સરનામું | | | | |
| | | | | | |
| | | | | | |
| | મોબાઇલ નં. | | | | |
| | ઇ-મેઇલ એડ્રેસ | | | | |
| (૩) | જન્મ તારીખ | | | | |
| (૪) | ઉંમર (તા.૨૮/૦૨/૨૦૧૭ ના રોજ) | | | | |
| (૫) | અભ્યાસ | | | | |
| | ક્રમ | પદવી | માન્ય યુનિ.નુ નામ | પાસ કર્યાનુ વર્ષ | મેળવેલ ટકા/વર્ગ |
| | ૧ | | | | |
| | ૨ | | | | |
| | ૩ | | | | |
| (૬) | અન્ય લાયકાત | | | | |
| | | | | | |
| | | | | | |
| (૭) | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment કરાવ્યા તારીખ | | | | |
| (૮) | અનુભવ | | | | |
| | | | | | |
| | | | | | |

## બાહેંધરી પત્ર

આથી હું.......................................................................જાહેર કરૂં છુ કે, ઉપર દર્શાવેલ વિગતો સંપુર્ણ પણે સત્ય છે, જો ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા જે કંઇપણ નિર્ણય લેવાશે તે મને બંધનકર્તા રહેશે.

અરજી કર્યા તારીખ....

...................................................

(ઉમેદવારની સહી)

મહેસૂલ વિભાગ

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધિનગર

સેકટર-૧૪, ખ-૫, સર્કલ પાસે, ગાંધીનગર જાહેરાત ક્રમાંક:૧ તા.૨૮/૦૨/૨૦૧૭

-:કાયદા અધિકારી (વર્ગ-૨ સમકક્ષ) ની કરાર આધારીત જગ્યાની ભરતી:-

જાહેરાત ક્રમાંક-૧/તા.૨૮/૦૨/૨૦૧૭ કાયદા અધિકારી (વર્ગ-૨ સમકક્ષ) ની ૧૧માસના કરાર આધારીત ધોરણે ભરવા ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | વય મર્યાદા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા અધિકારી | ૧ | ૩૫ થી ૪૫ વર્ષ | રૂા.૨૦,૦૦૦/-માસિક એકત્રિત રકમ | (૧)માન્ય યુનિર્વસીટીની કાયદા ના સ્નાતકની પદવી<br>(૨)વકિલાતની કામગીરીનો લઘુત્તમ-૭ વર્ષનો અનુભવ |

અન્ય વિગતો:

(૧) જગ્યાની ફરજો તથા વ્યકિતના અનુભવને ધ્યાને લઇ વય મર્યાદામાં છુટછાંટ આપી શકાશે.

(૨) ગુજરાતી અને અંગ્રેજી બંન્ને ભાષા ઉપરનુ પ્રભુત્વ ઇચ્છનીય.

(૩) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment હોવુ ફરજિયાત.

(૪) CCC+ ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ અથવા તેના સમકક્ષનુ કોમ્પ્યુટરનુ જ્ઞાન હોવુ જોઇએ.

(૫) અરજી પત્રકનો નમૂનો તથા કરારની શરતો અને બોલીઓ સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધિનગરની વેબ સાઇટ "www.landrecords.gujarat.gov.in" ઉપરથી ડાઉન લોડ કરી શકાશે.

(૬) અરજી પત્રક સાથે “સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધિનગર” ના નામનો રૂા.૧૦૦/-નો Demand Draft મોકલવાનો રહેશે.

(૭) સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રો ની પ્રમાણિત નકલ સાથે જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૫ માં સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, સેકટર-૧૪, ખ-૫, સર્કલ પાસે, ગાંધીનગરના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

કાયદા અધિકારી તરીકેની નિમણૂક બાબતે અન્ય બોલીઓ અને શરતો.

૧.તેઓની નિમણુંક તેઓ જે તારીખે ફરજ પર હાજર થાય તે તારીખથી ૧૧ માસની મુદત રહેશે.

૨.નિમણુંક કરનાર કે નિમણુંક પામનાર બન્ને પક્ષો એક માસની નોટીસ આપીને આ નિયુકિતનો અંત લાવી શકશે.

૩.તેઓને રૂા.૨૦,૦૦૦/- ના એકત્રિત વેતનમાં કોઇપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

૪.કરારના સમયગાળા દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવા પાત્ર થશે નહિ. તથા મોંઘવારી ભથ્થું વચગાળાની રાહત તથા બીજા લાભો મળવાપાત્ર થશે નહીં.

૫.કરાર દરમ્યાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ પેશગી, કે તેવા અન્ય નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.

૬.કરારના સમયગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ સમયગાળાની એકત્રિત લેણી નીકળતી રકમ તેઓના કુંટુમ્બીજનો ને મળવા પાત્ર થશે. બીજા કોઇ નાણાકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુસાગીંક લાભ મળવાપાત્ર થશે નહી.

૭.તેઓને સમાન સંવર્ગ ના અધિકારીએ જે ફરજ બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તેવા અધિકારીઓ માટે કચેરીમાં ફરજ પાલન માટે જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કરાર આધારિત અધિકારીએ પણ કચેરીમાં હાજરી આપવાની રહેશે.

૮.તેઓને ઉક્ત સમય દરમ્યાન માસિક ૧ પરચૂરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહી.

૯.તેઓએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનુ ફરજીયાત રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહિ. સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે. અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે હાજર રહેવાનું રહેશે.

૧૦.તેઓને સરકારી કામે પ્રવાસ પર જવાનુ થાય તો સરકારશ્રીના વર્તમાન ધારા ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

૧૧.તેઓને ગુજરાત સીવીલ સર્વિસીસ (કન્ડક્ટ) ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે. અને તેનો ભંગ થયે કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી કર્યા વગર સમાપ્ત કરી શકાશે.

૧૨.તેઓએ તેઓને મળનાર એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનો બોન્ડ આપવાનું રહેશે.

3..

૧૩.તેઓએ દર મહિને કેટલા કેસોમાં હાજર રહેલ છે. કેટલા કેસોનો નિકાલ થયો. તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરૂધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસવારની ચોક્કસ માહિતી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધિનગર પાસે અચુક રજુ કરવાની રહેશે.

૧૪.સદર હુકમ રવાના થયા તારીખથી દિન-૭ માં સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધિનગરની કચેરી ખાતે ફરજ પર હાજર થવાનુ રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણુંક સ્વિકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.